
# Veer Narmad South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'A' grade

सत्यम् ज्ञानम् अनन्तम्


# ઈ–દક્ષિણાયન

## E-Dakshinayan Newsletter


For Private Circulation Only

Vol. 12, Issue. 220, September 2021


ગાંધીજીનું જીવન અને તેમના ઉપદેશો જે તત્વતઃ આટલાં બધાં મૂલગામી, સમુનત અને આપણી જીવનરીતિના પાયારૂપ છે તેને આપણે વીસરી જઈ શકીએ નહી સિવાય કે આપણે જોખમ વહોરવા માગતા હોઈએ. ભારતનું બળ, સમૃધ્ધિ અને સુખ આપણે વિકસાવવા માગતા હોઈએ તો ગમે તે પધ્ધતિ અખત્યાર કરીએ તો પણ આપણા પોતાને ખાતર આપણે ગાંધીજીના જીવનસંદેશના પ્રકાશમાં જ આપણા આદર્શોનું પરિપાલન કરવું જોઈએ.

– મોરારજી દેસાઈ

## દીપે અરુણું પરભાત

**પ્રિય વાચક મિત્રો,**

૨ ઓકટોબર મહાત્મા ગાંધીજી અને લાલબહાદુર શાસ્ત્રીનો જન્મદિન. એક રાષ્ટ્રપિતા અને અને સ્વતંત્ર ભારતના વડાપ્રધાન. આ બંને મહાનુભાવોને સાદર વંદન.

કોઈપણ પ્રજાનો ઉધ્ધાર તેના લશ્કરી સેનાપતિઓ કે ઉદ્યોગપતિઓથી નથી થતો કે તેના પુરોહિતો કે રાજકારણી પુરુષોથી નથી થતો, પણ તેના અનવદ્ય ચારિત્ર્યવાળા સંતોથી થાય છે. આપણા સ્વભાવમાં રહેલા વિસંવાદને જીતવામાં અને આપણા વ્યકિતત્વને અખંડ એકીકૃત કરવામાં મદદરૂપ થનાર તાલીમ તો ધર્મની છે. ગાંધીજી પ્રધાનપણે ધર્મપરાયણ પુરુષ હતા. આધ્યાત્મિક તાલીમ દ્વારા, ઉપવાસ અને પ્રાર્થના દ્વારા તેઓ નવા જ પ્રકારનો માનવ સર્જવા માગતા હતા, જેને ન હોય ભય, ન હોય લોભ કે ન હોય દ્વેષ. મહાત્મા ગાંધીજીનું વ્યકિતત્વ તાત્વિક, ચેતનપૂર્ણ અને વહાલસોયું હતું.

ગાંધીજી એક ક્રાંતિકારી વિચારક હતા. તેઓ માનવસ્વભાવમાં મહત્વનો પલટો લાવવા મથ્યા હતા. તેમની વાણી ભાવિ યુગની વાણી હતી. ગાંધીજી આપણને શસ્ત્ર વગરની દુનિયામાં રહેવાને લાયક બનાવવા માગતા હતા. યુધ્ધની અવેજીમાં સત્યાગ્રહ પ્રસ્તુત કર્યો હતો. ગાંધીજીના મૃત્યુએ એવી એક વિચારધારાને જન્મ આપ્યો જે કેવળ આપણા દેશના રાજકાજની ભૂમિકા બની ન રહેતાં સમસ્ત દુનિયાની પ્રજાને પ્રભાવિત કરે છે. ભાગ્યે જ કોઈ મંચ પરથી એમનો નામોચ્ચાર થયા વિના રહયો હશે.

ગાંધીજી કલ્પનાવીર નથી પણ કર્મવીર છે. એટલે કે, અખંડ પ્રયોગો ચલાવીને જ તેઓ પોતાના વિચારો ખીલવે છે. દુનિયાના તમામ પયગંબરોની પેઠે એક અમર શ્રધ્ધા લઈ ને તેઓ આ દુનિયામાં આવ્યા છે. અને એ શ્રધ્ધાને મૂર્તિમંત રૂપ આપવાને સતત સાધના કર્યા કરતા હતા. સાચા કેળવણીકાર આગળ એ જ કાર્ય હોય છે. જેને આજના કેળવણીકારો વિદ્યાર્થીઓનું સ્વાતંત્ર્ય કહે છે, આત્મવિશ્વાસ કહે છે, તેને જ ગાંધીજી સત્યની ખોજ અને અહિંસાની સાધના કહે છે.રાજકીય વિચારધારાને એમનું મહાનમાં મહાન અર્પણ તો અહિંસાનો સિધ્ધાંત જ છે. ગાંધીજીનું બીજું મહાન અર્પણ તે ભારતીય સમાજમાં માનવ ગૌરવના સિધ્ધાંતની એમણે પ્રતિષ્ઠા કરી તે. પોતાની જાહેર કારકિર્દીના છેક પ્રારંભકાળથી ગાંધીજી સામાજિક ન્યાયના સિધ્ધાંતમાં માનતા આવ્યા હતા.

જેઓ ગાંધીજીને ઓળખતા હતા અને જેમણે તેમની સાથે કામ કર્યું હતું તેમના હૃદયમાં જ નહી પણ હવે પછીની પેઢીઓ જેને તેમનું નામ ઈતિહાસનાં પૃષ્ઠો પર અંકિત થયેલું દેખાશે તેના હૃદયમાં સુધ્ધાં, ગાંધીજી, જેમના ઉપદેશોએ મનુષ્યોને ઉન્નત કાર્યોમાં પ્રેર્યા છે, જીવનનું પોત સુધાર્યું છે અને માનવજાતને શાન્તિ અને વિશ્વબંધુત્વના ધ્યેયની સમીપ આણી છે, તેઓ જીવી રહેશે.

સ્વતંત્ર ભારતના પ્રધાનમંત્રી બન્યા પછી પણ લાલબહાદુર શાસ્ત્રીની સજ્જનતા અને નમ્રતામાં તથા તેમના વ્યવહાર અને વિચારમાં કોઈ તફાવત ન હતો. જે રીતે તેઓ પહેલાં નમસ્કાર કરતાં પહેલાં સ્વયં હાથ જોડી લેતા હતા તે જ રીતે પ્રધાનમંત્રી બન્યા પછી પણ હાથ જોડીને અભિવાદન કરતા હતા. 'પ્રભુતા'વાળી ભાવના અંત સુધી તેમના જીવનમાં પ્રવેશી ન હતી, એટલે જ તેઓ બધા જ દેશવાસીઓના પ્રિય બની શકયા હતા. શાસ્ત્રીજીને દેશવાસીઓએ જે સ્નેહ આપ્યો તે અતુલનીય છે, અદ્વિતીય અને અવર્ણનીય છે. શાસ્ત્રીજીનો બીજો મહાન ગુણ હતો તેમના અંદરની દૃઢતા. જયારે પણ તે કોઈ નિર્ણય લેતા હતા તેના પર અડગ રહેતા હતા. ત્રીજો તેમનો મહાન ગુણ હતો સ્વયં અને સ્વયંની કાર્યક્ષમતા પર અતૂટ વિશ્વાસ. લાલબહાદુર શાસ્ત્રીજીએ કહયું કે,'**हम चाहे रहें या न रहे, हमारा देश और तिरंगा झंडा रहना चाहिऐ. और मुझे पूरा विश्वास है कि हमारा तिरंगा रहेगा. भारत विश्व के देशों में सर्वोच्च होगा. यह उन सबमें अपनी गौरवशाली विरासत का संदेश पहुंचाऐगा**'.

**તા. ૧૩ ઓકટોબર, ૨૦૨૧**

**(ડૉ. કિશોરસિંહ ચાવડા)**
**કુલપતિશ્રી**

## યુનિવર્સિટી ન્યૂઝ

### જાહેરનામું

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની તા. ૨૭–૦૯–૨૦૨૧થી પુનઃ નિર્મિત (RECONSTITUTE) થનાર સિન્ડિકેટની ચૂંટણી તા. ૧૧–૦૯–૨૦૨૧ના રોજ રાખવામાં આવી હતી, તેની મતગણતરીના અંતે નીચેના મતદાર વિભાગોમાં જે તે મતદાર વિભાગની સામે દર્શાવેલ ઉમેદવારને મતગણતરીકારોના અહેવાલોને અવલોકનમાં લઈ સ્ટેટ્યૂટ–૨૮૫ની જોગવાઈ મુજબ વિજેતા જાહેર કરવામાં આવે છે. વિજેતા જાહેર થયેલ ઉમેદવારોની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્ય તરીકેની મુદત યુનિવર્સિટી એક્ટ–(૧૯) (૨) ની જોગવાઈ મુજબ તા. ૨૭–૦૯–૨૦૨૧થી ત્રણ વર્ષની એટલે કે તા. ૨૬–૦૯–૨૦૨૪ સુધીની અથવા ચૂંટાયેલા સભ્ય ૬૨ વર્ષની વયમર્યાદા પૂર્ણ કરે અથવા ચૂંટાયેલા સભ્યોનું સેનેટ સભ્યપદ બંધ પડે એ ત્રણ માંથી જે પ્રથમ હોય ત્યાં સુધીના સમયની રહેશે.

| ક્રમ | મતદાર વિભાગ | વિજેતા ઉમેદવારોના નામો (વિજેતા ક્રમ મુજબ) |
|---|---|---|
| 1 | University Act Section 19(1) (v) one member to be elected by the teachers elected to the Senate under section 16 (1) Class II (A) (iii) from amongst themselves; | માલી નિમેષ જયસુખલાલ |
| 2 | University Act Section 19(1) (vi) one member to be elected by the Heads of the University departments from amongst themselves; | પોરીયા કે. સી. |
| 3 | University Act Section 19(1) (vii) five persons elected by the Senate from amongst its members who are not principals, teachers, heads of the University departments, head masters, heads of recognised institutions and secondary teachers; | ખરચીયા કશ્યપસિંહ પ્રવિણસિંહ<br>અલગોતર કનુભાઈ મોતીભાઈ<br>મોદી નિશાંત<br>ઘોઘારી કિરણભાઈ<br>મહિડા વિરેન કિશોરસિંહ |

### જાહેરનામું

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની તા. ૨૭–૦૯–૨૦૨૧થી પુનઃ નિર્મિત (RECONSTITUTE) થનાર સિન્ડિકેટની ચૂંટણી સંદર્ભે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી એક્ટ – 19 (1) (iv) two members to be elected by the Principals of affiliated degree colleges and the heads of recognised institution from amongst themselves;ની જોગવાઈ અન્વયે નીચેના ઉમેદવારોના ઉમેદવારી ફોર્મ માન્ય થતા અને ચૂંટણીમાં નિયત બેઠકથી વધુ સંખ્યામાં ઉમેદવાર ન હોય તેથી તે ઉમેદવારોને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવે છે.

૧. ડૉ. જયંતીભાઈ સુરેશભાઈ ચૌધરી, આચાર્યશ્રી, શ્રી મોરારજી દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બલ્લુકાકા સંકુલ, વિરપોર, મુ.પો. બુહારી, તા. વાલોડ, જિ. તાપી – ૩૯૪૬૩૦.

૨. ડૉ. નીતિન મગનલાલ પટેલ, આચાર્યશ્રી, જયેન્દ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, જુના નેશનલ હાઈવે નં. ૮, ભરૂચ.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી એક્ટ–19 (1)(iv)ની જોગવાઈ અંતર્ગત બિનહરીફ વિજેતા ઉમેદવારોની ટર્મ એક્ટ–19 (2) મુજબ તા. ૨૭–૦૯–૨૦૨૧થી ત્રણ વર્ષની એટલે કે તા. ૨૬–૦૯–૨૦૨૪ સુધીની અથવા ચૂંટાયેલા સભ્ય ૬૨ વર્ષની વયમર્યાદા પૂર્ણ કરે અથવા ચૂંટાયેલા સભ્યોનુ સેનેટ સભ્યપદ બંધ પડે એ ત્રણ માંથી જે પ્રથમ હોય ત્યાં સુધીના સમયની રહેશે.









## એમ.ઓ.યુ.

શિક્ષણની ક્ષિતિજો રાજ્ય અને દેશ જ નહી આંતરરાષ્ટ્રીયકક્ષાએ વિસ્તૃત થાય એવા ઉદેશથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ રશિયાની વિશ્વપ્રસિદ્ધ વ્યાત્કા સ્ટેટ યુનિવર્સિટી, કિરોવ સાથે એક એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કરીને એક સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિ દ્વારા વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રવેશ મળે, વિદ્યાર્થીઓનું આદાન–પ્રદાન અને સહયોગ વધે તેવા પ્રયત્નો કરવામાં આવનાર છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ.કે.એન.ચાવડાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ વર્ચ્યુઅલ મિટિંગમાં આ સમિતિના અધ્યક્ષ તરીકે ડૉ. એમ.એન.રેડ્ડી (બાયોસાયન્સ), ડૉ. ગૌરાંગ રામી (અર્થશાસ્ત્ર), અને સભ્યો સર્વ શ્રી ડૉ. પરેશ જોશી (અંગ્રેજી), અને ડૉ. રાજેશ પટેલ (બાયોસાયન્સ) જોડાયા હતાં. જ્યારે વ્યાત્કા સ્ટેટ યુનિવર્સિટી તરફથી શ્રી ફોમિન સેરેગેઈ, શ્રી મર્કુલોવા ઈરિના, શ્રી રોમોનોવા ઈરિના, શ્રી બાયકોવા ઓલ્ગા, શ્રી કાઝાકોવ આન્દ્રે અને શ્રી એલેના ગેનેબિનખ જોડાયા હતાં.

આ મિટિંગમાં નક્કી થયા મુજબ વિદ્યાર્થી અને ફેકલ્ટી એકસચેન્જનું આયોજન અને વર્ચ્યુઅલ આંતરરાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય કક્ષાની ગુણવતા ધરાવતા સંશોધનો અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે પ્રકારના કાર્યક્રમોને કેન્દ્રમાં રાખતાં કરાર કરવા માટેની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. ગુજરાત અને ખાસ કરીને દક્ષિણ ગુજરાત વિસ્તારના વિદ્યાર્થીઓને માટે આંતરરાષ્ટ્રીય સ્તરે નવી તક ઉભી થવા જઈ રહી છે.







## મહિલા સશકિતકરણ

કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાનાં માર્ગદર્શન અને અધ્યક્ષતામાં રાષ્ટ્રીય સેવા યોજના, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા. ૪–૧૦–૨૦૨૧નાં રોજ સવારે ૧૧ કલાકે "મહિલા સશકિતકરણ કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, મુખ્ય મહેમાન તરીકે સુરત લિંબાયત વિસ્તારના ધારાસભ્ય શ્રી સંગીતાબેન પાટીલ મહેમાન તરીકે યુનિવર્સિટીનાં સિન્ડિકેટ સભ્ય ડૉ. પારૂલબેન વડગામા અને રોજગાર કચેરીનાં એમ્પ્લોયમેન્ટ ઓફિસર શ્રી પારૂલબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના મુખ્ય વકતા તરીકે શ્રી સુનિતિબેન કરવા હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલાન અને વ્યવસ્થા એન.એસ.એસ.ના આસી.પ્રોગ્રામ કો–ઓર્ડીનેટર,શ્રી પ્રકાશચંદ્ર દ્વારા કરવામાં આવેલ હતી. કાર્યક્રમમાં જુદી જુદી એન.એસ.એસ. કોલેજની ૩૦૦થી વધુ સ્વયંસેવિકાઓ હાજર રહી હતી. કાર્યક્રમનું જીવંત પ્રસારણ યુનિવર્સિટીનાં અધિકૃત સોશિયલ મીડિયા માધ્યમ પર કરવામાં આવ્યું હતું.










## Wellness and Beauty






વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વુમન ડેવલોપમેન્ટ સેલ WDC દ્વારા તા. ૨૧–૦૯–૨૦૨૧, મંગળવારને બપોરે ૩:૦૦ કલાકે બાયોટેકનોલોજી વિભાગમાં "Wellness and Beauty" વેબિનારનું યુનિવર્સિટીના વિવિધ વિભાગોમા કાર્યરત મહિલા કર્મચારીઓ માટે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૭૦ મહિલા કર્મચારીઓ હાજર રહ્યા. જેમાં WDC–કમિટિના મેમ્બરો મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. વેબિનારના મુખ્ય વકતા તરીકે 'Lobelia' ના મેનેજર મરિયમ મેથ્યુ હાજર રહ્યા હતા. જેમણે પોતાના વ્યકતવ્યમાં કાળજી રાખવાની વિવિધ પધ્ધતિ જેવા કે હેરઆર્ટ, ક્લિન્સિંગ, બ્લીચિંગ, ટર્નિંગ, મૉઈસ્ચર અને મેકઅપ વગેરેની જાણકારી આપી હતી. આ ઉપરાંત વિવિધ પરિસ્થિતિ અનુસાર ડ્રેસકોડનું વર્ણન કર્યુ હતુ. Beauty નો આધાર માટે હકારાત્મક કોમ્પલિમેન્ટ (Wellness) જરૂરી છે તેની માહિતી આપી હતી. કાર્યક્રમને અંતે આભારવિધી WDC ના કો–ઓર્ડિનેટર ડૉ. મનિષાબેન પાનવાલાએ કરી હતી.

## ઓર્ગન ડોનેટ પ્રતિજ્ઞા અને પ્રધાનમંત્રીશ્રીને અભિવાદન પોસ્ટકાર્ડ કાર્યક્રમો

કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાના માર્ગદર્શન હેઠળ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા. ૧૭–૦૯–૨૦૨૧નાં રોજ 'ઓર્ગન ડોનેટ પ્રતિજ્ઞા' કાર્યક્રમનું આયોજન એન. એસ.એસ. સંલગ્ન જુદી જુદી કોલેજોમાં કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં હજારોની સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓ, શૈક્ષણિક–બિન શૈક્ષણિક કર્મચારીઓ હાજર રહ્યા હતા. www.angdaan.org પર જઈ જોઈન પ્લેજ પરથી રજીસ્ટ્રેશન કરાવી ત્યારબાદ પ્રતિજ્ઞા લીધી હતી અને ત્યારબાદ સર્ટિફિકેટ પ્રાપ્ત કર્યા હતા. www.angdaan.org પરથી ૧૮૦૦૦થી વધુ લાકોએ સર્ટિફિકેટો ડાઉનલોડ કર્યા હતા.

રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ અંતર્ગત આવતી કોલેજો દ્વારા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાનાં માર્ગદર્શન હેઠળ પ્રધાનમંત્રીને અભિવાદન પત્રો મોકલ્યા હતા. પત્રોમાં પ્રભાનમંત્રીશ્રી દ્વારા કોરોનાના કપરા સમયમાં દેશલક્ષી, પ્રજાલક્ષી મહત્વપૂર્ણ નિર્ણયો, ૩૭૦ અને ૩૫A ની કલમ નાબુદી, નાના ઉદ્યાગોને પ્રોત્સાહિત કરી તેમને નાણાકીય સહાય અને ખેડૂતોને આર્થિક સહાય પૂરી પાડવા અને ખેડૂતલક્ષી નિર્ણયો લેવા બદલ અભિવાદન પાઠવવામાં આવેલ હતું. આ પત્રો વિદ્યાર્થીઓ સાથે મળીને પોસ્ટ દ્વારા પ્રધાનમંત્રીશ્રીનાં નિવાસસ્થાન દિલ્હી ખાતે મોકલી આપ્યા હતા.


















## એન.એસ.એસ. દિવસની રાજ્યકક્ષાની ઉજવણી






તા. ૨૨ થી ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૧ સુધી ક્રાંતિગુરુ શ્યામજીકૃષ્ણ વર્મા યુનિવર્સિટી, કચ્છ ખાતે 'રાષ્ટ્રીય સેવા યોજના દિવસ–૨૦૨૧'ની રાજ્ય કક્ષાની ઉજવણીમાં ગુજરાતની ૪૫ જેટલી યુનિવર્સિટીએ ભાગ લીધો હતો. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એન.એસ. એસ.ની જુદી–જુદી કોલેજોના ૨૫ સ્વયંસેવક/સેવિકાઓએ ભાગ લીધેલ હતો. આ ઉજવણીમાં સોલંકી નંદનીએ મોનો

એકિટંગમાં સમગ્ર ગુજરાતમાંથી દ્વિતિય ક્રમ પ્રાપ્ત કરીને યુનિવર્સિટીનું નામ રોશન કર્યુ હતું. આ સિદ્ધિ બદલ કુલપતિશ્રી ડૉ.કિશોરસિંહ ચાવડા અને એન.એસ.એસ.ના આસી.પ્રોગ્રામ કો–ઓર્ડીનેટર શ્રી પ્રકાશચંદ્રએ શુભેચ્છાઓ પાઠવી સન્માન કર્યુ હતું.

### વેસ્ટ ઝોન પ્રિ.આર.ડી. કેમ્પ




રાષ્ટ્રીય સેવા યોજના, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન જુદી–જુદી ૦૬ કોલેજોનાં ૦૬ (૨ બહેનો અને ૪ ભાઈઓ) સ્વયંસેવકોની પસંદગી તા. ૧૨ થી ૨૧ ઓકટોબર, ૨૦૨૧ દરમ્યાન કે.બી.સી. નોર્થ મહારાષ્ટ્ર યુનિવર્સિટી, જલગાંવ ખાતે યોજાનાર વેસ્ટ ઝોન પ્રિ.આર.ડી.પરેડ માટે થયેલ છે. પસંદગી પામેલ સ્વયંસેવકોને કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને એન. એસ.એસ.ના આસી.પ્રોગ્રામ કો–ઓર્ડીનેટર શ્રી પ્રકાશચંદ્ર દ્વારા પુસ્તક આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## યુનિવર્સિટી ગ્રંથાલય

### ગ્રંથ પ્રદર્શન : મહાત્મા ગાંધીજી

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતી પ્રસંગે યુનિવર્સિટી ગ્રંથાલયમાં તા. ૧ ઓકટોબર થી ૯ ઓકટોબર સુધી 'ગાંધીસાહિત્ય'નું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું.

અત્રે ઉલલેખનીય છે કે યુનિવર્સિટી ગ્રંથાલયમાં ૨૦૧૧થી મહાત્મા ગાંધીજીના અલભ્ય ફોટાઓનું પ્રદર્શન કાયમી ધોરણે પ્રસ્તુત કરવામાં આવેલ છે.




## Department of Biotechnology

### Blood Donation Camp





A great initiative of organizing a blood donation camp was taken by the NSS Unit, Department of Biotechnology, in association with Surat Raktadan Kendra and Research Centre, Surat, Gujarat on 2nd August 2021. The Camp started at 10:00 am in the presence of Head of Department and Professors, later joined by Dr. Kishorsinh N.Chavda (Honourable Vice Chancellor), Dr. Jaydip Chaudhari (In-charge Registrar), Mr. Prakash Chandra in the auditorium of Department. The entire event involved the efforts of Dr. Ajeet Maheshwari (Medical Officer, VNSGU) and Dr. Avani Shah (Research Officer at Surat Raktadan Kendra and Research centre) and 4 laboratory technicians who were in great synchronicity with the volunteers. The volunteers of biotechnology department were trained well under the guidance of Mrs. Tanvi Tamakuwala (NSS Programme Officer). The start of the event was marked by the donation of blood from Dr. Gaurav Shah (Coordinator) followed by the blood donation from Mrs. Srishti Satyal Arora (Assistant Professor). Faculty members and students from other departments also joined the event depicting Kindness and Humanity by donating the blood. Total 40 registrations were scored. Before the blood

donation, checking body weight, blood pressure, body temperature and Haemoglobin were measured to see if the individual is compatible to donate the blood. After the donor had given the blood, they were taken to the relaxation area and were monitored by technical team and volunteers for the well-being of donors. In the concluding session, Dr. Avani Shah being the alumni of department guided our students and volunteers regarding blood donation and blood banking.














## કોલેજ ન્યૂઝ

### જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

#### શિક્ષક દિન : ઉજવણી



જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજનમાં વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજના ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી તેમજ પ્રસંગોચિત વકતવ્ય આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકોને સમર્પિત એવા ગીતો, વકતવ્ય તથા પંકિત દ્વારા કાર્યક્રમ રજુ કરાયો હતો. કાર્યક્રમમાં અધ્યાપકોને સ્મૃતિભેટ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા જ કરવામા આવ્યું હતું.

## ઝવેરચંદ મેઘાણી ગીત સ્પર્ધાનું આયોજન




જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજમાં રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતિ નિમિતે 'મેઘાણી ગીત' સ્પર્ધાનું આયોજન કોલેજના ઈ.ચા. આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના નેતૃત્વ હેઠળ કરવામાં આવેલ હતું.

સમગ્ર કાર્યક્રમમાં અમરોલી કોલેજના ઈ.ચા. આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, પ્રા. ડૉ. સેજલબેન દેસાઈ, પ્રા. રાજ એસ. ડુમસીયા, પ્રા. સોનલ બી. કાકલોતર તથા પ્રા. મેઘા ડી. જોષીના સંચાલન હેઠળ ૧૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં કોલેજના પ્રા. શ્રી હર્ષદભાઈ પટેલ તથા પ્રા. શ્રી વિજયભાઈ ચૌધરીએ નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી.

**વિજેતા :**

| PRIE NO. | NAME | CLASS |
|---|---|---|
| 1 | PAYAL BHIMABHAI KIDECHA | T.Y.B.COM 9 |
| 2 | DRASHTI ARVINDBHAI MOVALIYA | T.Y.B.COM 10 |
| 3 | JAHNVI GHANSHYAMBHAI VAVALIYA | S.Y.B.COM 1 |

**આશ્વાસન ઈનામ :**

| PRIE NO. | NAME | CLASS |
|---|---|---|
| 1 | PAYAL JESINGBHAI PARMAR | T.Y.B.COM 1 |
| 2 | JANVI HAREJABHAI CHAUHAN | F.Y.B.A.II |

## ઈકોફ્રેન્ડલી ગણપતિ મેકિંગ સ્પર્ધા



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત, જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજમાં પર્યાવરણ ગ્રુપ અંતર્ગત ઈકોફ્રેન્ડલી ગણપતિ મેકિંગ સ્પર્ધાનું આયોજન તા. ૧૬–૯–૨૦૨૧ના રોજ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં અમરોલી કોલેજના ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, પ્રા. કાજલબેન એચ. પટેલ, પ્રા. રાજકુમાર ડુમસીયા તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીના સંચાલન હેઠળ કુલ ૧૩ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ફેલાવાનો હતો. જે અંતર્ગત વિદ્યાર્થીઓએ શ્રી ગણેશજીની વિવિધ પ્રતિમાઓ બનાવી હતી. ઈ. ચા. આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાએ પ્રસંગોચિત વકતવ્ય આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. વિજયભાઈ ચૌધરી અને પ્રા. શોભનાબેન પ્રજાપતિ અખંડ આનંદ કોલેજે ભૂમિકા ભજવી હતી. જેમાં પ્રથમ ક્રમે એસ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થિની મિશ્રા પૂજા મહેન્દ્રભાઈ, દ્વિતિય ક્રમે એસ.વાય.બી.કોમ.નો વિદ્યાર્થી ધામેલીયા ધ્રુવીન અરુણભાઈ તેમજ તૃતીયક્રમે અનુક્રમે એફ.વાય. બી.એ. અને એસ.વાય.બી.એ.ની વિદ્યાર્થિની પીપળીયા પ્રિયંકા શંભુભાઈ તેમજ બારૈયા એકતાબેન ભુપતભાઈ વિજેતા જાહેર થયા હતા.

## વર્ગીય વાદ–સ્પર્ધા (Inter Class Debate Competition)



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજમાં શૈક્ષણિક ગ્રુપ અંતર્ગત આંતર વર્ગીય વાદ–વિવાદ સ્પધા (Inter class Debate Competition)નું આયોજન તા. ૧૪–૯–૨૦૨૧ ના ટી.વાય.બી.કોમ. અને તા. ૨૨–૯–૨૦૨૧ના રોજ એસ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમમાં ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, પ્રા. જે.બી.ચૌધરી, પ્રા. કૃતિબેન એ. પટેલ, પ્રા. શિવાંગીબેન એમ. શર્મા, પ્રા. પ્રિયંકાબેન ડી. બેરા, પ્રા. મિરલબેન આર. ચેઉલકર અને પ્રા. નિધિબેન બી.

વેકરીયાના સંચાલન હેઠળ કુલ ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ વિષયો પર ચર્ચા કરી હતી. કોલેજના ઈ.ચા. આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાએ પ્રસંગોપાત વકતવ્ય આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરાયા હતા.



સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. પ્રા. ઝંખના એલ. પરમાર, ડૉ. પ્રા. ઝંખના એલ. પરમાર, ડૉ. પ્રા. કૃતિ એ. પટેલ, ડૉ. પ્રા. મયંક વી.સોઢા, પ્રા.સોનલ બી.કાકાલોતર અને પ્રા. સંદીપ જી. કલસરીયાએ ભૂમિકા ભજવી હતી. જેમના દ્વારા પ્રથમ, દ્વિતિય અને તૃતીય ક્રમાંક આપવામાં આવ્યા હતા.

જેમાં પ્રથમ ક્રમાંક ટી.વાય.બી.કોમ વર્ગ–૪, વર્ગ–૩ અને એસ.વાય.બી.કોમ વર્ગ–૫ (A), દ્રિતીય ક્રમાંક ટી.વાય.બી.કોમ વર્ગ–૭, વર્ગ–૧૦ અને એસ. વાય.બી.કોમ વર્ગ–૬ અને એસ.વાય.બી.કોમ વર્ગ–૪ તથા તૃતીય ક્રમાંક ટી.વાય.બી.કોમ વર્ગ–૭, વર્ગ–૧૦ અને એસ.વાય.બી.કોમ વર્ગ–૫ (B) ના વિદ્યાર્થીઓને આપવામાં આવ્યો હતો.

## શપથ



જીવન જયોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ અમરોલી, સુરત દ્વારા તા. ૧૭/૯/૨૦૨૧ને ગુરુવારે આદરણીય પ્રધાનમંત્રીશ્રીના જન્મ દિવસ નિમિતે અમરોલી કોલેજના વિદ્યાર્થીઓએ ઈ.ચા.પ્રિન્સીપાલ ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ ગણેશ ઉત્સવ દરમ્યાન પર્યાવરણ જાગૃતિ અંગે, સ્વચ્છતા જાળવવી તેમજ કોરોના ગાઈડલાઈનનું પાલન અને વેકસીન જાગૃતિ અંગે કોલેજના તમામ વિદ્યાર્થીઓને શપથ લેવડાવવામાં આવ્યા હતા.

## જીવન જયોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### શિક્ષક દિન : ઉજવણી





જીવન જયોત ટ્રસ્ટ સંચાલિત, પ્રો. વી. બી. શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી. પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ. શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટની વિવિધ કોલેજમાં ૫ સપ્ટેમ્બરે શિક્ષક દિવસની ઉજવણી કરાઈ હતી. શિક્ષક બનવાની ઝંખના ધરાવતા વિદ્યાર્થીઓ દ્વારા આપણા પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણ સર્વપલ્લીનો જન્મદિવસની ઉત્સાહ ભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં લગભગ દરેકે મનગમતા વિષયના એક દિવસના ટીચર બની વિદ્યાર્થીઓએ આનંદ માણ્યો હતો તેમજ વર્ગખંડમાં હાજર એવા તમામ વિદ્યાર્થીઓએ તેમના નવા શિક્ષકને પૂરો સહકાર આપી શિષ્ટાચારનું ઉમદા ઉદાહરણ પૂરું પાડયું હતું આ શિક્ષક દિનનું સંકલન પ્રા. ડૉ. ઉર્વી અમીન દ્વારા સફળ રીતે કરાયેલ હતું. ટાઈમ ટેબલ મુજબના તાસ પુરા કર્યા પછી કોલેજના સભાખંડમાં વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકોનો અભિવાદન કરતો કાર્યક્રમ યોજાયો હતો જેમાં વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ પરસ્પર એક–બીજાને સ્મૃતિભેટ અર્પણ કરી યાદગાર ક્ષણોનું સર્જન

કરેલ હતું. આ દરમ્યાન કેટલાક ભૂતપર્વ વિદ્યાર્થીઓએ શિક્ષકોની મુલાકાત પણ લીધી હતી અને પોતાના અભ્યાસ દરમ્યાનની સ્મૃતિઓને વાગોળી હતી.

## રસીકરણ અભિયાન





WHO તથા સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલી ગાઈડ લાઈન અનુસાર રસીકરણ અભિયાન ઠેરઠેર આખા દેશમાં શરૂ થયેલ છે. જેના ભાગ રૂપે જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલીત પ્રો. વી. બી. શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી. એલ. શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલીના NSS અને NCC ના સંયુકત ઉપક્રમે SMCના સહયોગથી કોલેજમાં રસીકરણ કેમ્પનું આયોજન તા. ૨૭–૮–૨૧ થી તા. ૩૦–૮–૨૧ દરમ્યાન કરવામાં આવેલ હતું. આ રસીકરણ કેમ્પમાં NSS ના વિદ્યાર્થીઓએ રસીકરણ ડોઝ લેનારના રજીસ્ટ્રેશનમાં SMC ના સ્ટાફની સાથે રહીને મદદ કરી હતી. જેમાં કોલેજના વિદ્યાર્થીઓ માટે પહેલા અને બીજા એમ બંને ડોઝની રસી આપવાનું કાર્ય હાથ ધર્યુ હતું. જેમાં કુલ ૨૨૯ કોલેજના વિદ્યાર્થીઓ તથા ૧૦૦૯ કોલેજની આજુ બાજુની રહીશોએ રસીનો લાભ લીધો હતો. રસીકરણ કેમ્પ દરમ્યાન NCCની વિદ્યાર્થીઓએ ખડે પગે રહી કોવીડ–૧૯ ના નિયોમોનું પાલન કરાવેલ હતું. રસીકરણના સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન પ્રિ. ડૉ. મુકેશ આર. ગોયાણીના માર્ગદર્શન હેઠળ, NSS અને NCC ના વિદ્યાર્થી તેમજ વિદ્યાર્થિનીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં NSS ના પ્રોગામ ઓફિસર ડૉ.પ્રદીપકુમાર લેન્કા અને પ્રો. જયોતિકા ટેલરએ SMC ના સ્ટાફ સાથે રહીને કામગીરીને સફળ બનાવી હતી. કોલેજના આચાર્યએ કોલેજમાં રસીકરણ કેમ્પના આયોજન બદલ SMC નો તથા આયોજકોનો આભાર માન્યો હતો.

## ઈનામ વિતરણ






જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈનસ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલીના શૈક્ષણિક, રમત–ગમત, પ્રતિભાશાળી અને ઉલ્લેખનીય સિધ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થી ભાઈ–બહેનોનો ઈનામ વિતરણ કાર્યક્રમ કોલેજ કેમ્પસમાં તા. ૧૫–૯–૨૦૨૧ ના રોજ કોવીડ–૧૯ની ગાઈડ લાઈનનું પાલન સાથે યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થીઓએ પ્રાર્થના થી કરી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે સુરત મહાનગર પાલિકાનાં મેયરશ્રી હેંમાલીબેન બોઘાવાલા હાજર રહ્યા હતા. જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહે મહેમાનનો પરિચય આપી તેમનું પુષ્પગુચ્છ ધ્વારા સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે મેયરશ્રી હેંમાલીબેન બોઘાવાલાએ પ્રાસંગિક પ્રવચનમાં હેલ્થ અને એજયુકેશન તેમજ મહિલાસશકિતકરણ પર ભાર મુકયો હતો. તેમજ આજના યુગમાં યુવાનો નશા તરફ જઈ રહ્યા છે ત્યારે સુરત શહેરના યુવાનો ધાર્મિક/સેવાકીય/સામાજીક પ્રવૃતિ તરફ વળ્યા છે. તેમજ સુરત શહેરના યુવાનો દ્વારા કોરોના કાળ દરમ્યાન કરેલ સેવાકીય કામગીરીને બીરદાવી હતી.

મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલાએ શૈક્ષણિક ક્ષેત્રે સિધ્ધિ મેળવનાર અધ્યાપકોને, વિદ્યાર્થીઓને ટ્રોફી/સર્ટીફિકેટ આપી ઈનામ વિતરણ કર્યું શરૂ કર્યું હતું. જીવન જયોત ટ્રસ્ટ, અમરોલીના ઉપ પ્રમુખ શ્રી ભાનુભાઈ શાહ તથા માનંદ્ મંત્રીશ્રી અશ્વિનભાઈ આર. પટેલ અને સહ માનદ્ મંત્રીશ્રી અનુજભાઈ શાહ તથા ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ, જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજના ઈ. ચા. આચાર્યશ્રી ડૉ. રાજેશભાઈ રાણા, કોલેજના અધ્યાપકગણ, વહીવટી સ્ટાફના સભ્યો હાજર રહી કાર્યક્રમની સોભા વધારી હતી. કોલેજનાં આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણીએ શૈક્ષણિક અહેવાલ રજુ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કો–ઓર્ડિનેટર પ્રા. ધરીતભાઈ નાયક, ડૉ. જૈમીન શુક્લાએ કર્યું હતું અંતે આભારવિધિ ડૉ. સ્વાતી મહેતાએ કરી. આ કાર્યક્રમ સફળ બનાવવા માટે મદદ થનાર તમામનો આભાર માન્યો હતો. અંતમાં રાષ્ટ્રગીતથી કાર્યક્રમ સફળ બનાવવા માટે મદદ થનાર તમામનો આભાર માન્યો હતો. અંતમાં રાષ્ટ્રગીતથી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## આરતી–થાળી ડેકોરેશન સ્પર્ધા





જીવન જયોત ટ્રસ્ટ સંચાલિત અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી. પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્સ કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી દ્વારા સાંસ્કૃતિક પ્રવૃતિના ભાગરૂપે તા. ૧૭–૯–૨૦૨૧ના રોજ આરતી–થાળી ડેકોરેશન સ્પર્ધાનું આયોજન કોવીડ–૧૯ની ગાઈડ લાઈનનું પાલન સાથે કરવામાં આવ્યું હતું. જે 'બુદ્ધિદાતા' અને વિઘ્નહર્તાના ભગવાન ગણેશજીના સ્વાગતને અનુરૂપ છે. જેમાં આચાર્ય ડૉ. મુકેશ આર ગોયાણી અને સાંસ્કૃતિક સમિતિના સભ્યો ડૉ. દિવ્યાની પટેલ, ટિવન્કલ પંચાલ તેમજ ડૉ. છાયા પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાનું ટેલેન્ટ રજૂ કર્યું હતું, આરતી થાળી ડેકોરેશન સ્પર્ધાના નિર્ણાયક સધ્યારો ઈંગ્લીસ મિડીયમ સ્કુલમાં આર્ટ ટીચર શ્રી દિવ્યા માંગરોલા સ્પર્ધાના નિર્ણાયક તરીકે હાજર રહ્યા હતા. તેઓ દ્વાર પાંચ જેટલા વિદ્યાર્થીઓને સ્પર્ધના વિજેતા તરીકે પસંદગી કરવામાં આવી હતી. જેમાં પ્રથમ ક્રમે Savaj Mansi Maheshbhai (SYBBA), બીજા ક્રમે Chavdasanjana B. (TYBCOM), ત્રીજા ક્રમે Meghanthi Darshana P. (TYBCOM) અને આશ્વાસન ઈનામ માટે Sonami Nirali Maheshbhai (TYBCA) અને Panchani Vasu (SYBBA) ની પસંદગી થવા પામી હતી, આ ઉપરાંત સ્પર્ધાના નિર્ણાયકો દ્વારા સ્પર્ધા અંગે પોતાના અભિપ્રાય રજૂ કરી વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રાત્સાહન આપવામાં આવ્યું હતું.

## NON-FIRE FOOD MAKING સ્પર્ધા

જીવન જયોત ટ્રસ્ટ સંચાલિત અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી. પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ. શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્સ કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી દ્વારા સાંસ્કૃતિક પ્રવૃતિના ભાગરૂપે તા. ૧૬– ૯–૨૦૨૧ના રોજ NON-FIRE FOOD MAKING સ્પર્ધાનું આયોજન કોવીડ–૧૯ ની ગાઈડ લાઈનનું પાલન સાથે કરવામાં આવ્યું હતું. જેમાં આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણી અને સાંસ્કૃતિક સમિતિ સભ્યો, ડૉ. સુધાધારા સામલ, ડૉ. દિવ્યાની પટેલ, ટિવન્કલ પંચાલ તેમજ ડૉ. છાયા પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં મહેમાન તરીકે SMC સાંસ્કૃતિક વિભાગના શ્રી માર્ટિનભાઈ પટેલ પણ હાજર રહ્યા હતા. NON-FIRE FOOD MAKING સ્પર્ધામાં કુલ ૪૧ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાનું ટેલેન્ટ રજૂ કર્યું હતું. સુરતમાં ત્રણ શાખાઓ ધરાવતા 'દોસ્તાના કેફે કલબ'ના ઓનર શ્રી Mr. Chainesh Rawal અને Mr. Chetan Jain સ્પર્ધાના

નિર્ણાયક તરીકે હાજર રહ્યા હતા. નિર્ણાયકો દ્વારા ૬ જેટલા વિદ્યાર્થીઓની સ્પર્ધાના વિજેતા તરીકે પસંદગી કરવામાં આવી હતી, જેમાં પ્રથમ ક્રમે Mansi Maheshbhai Savaj અને Dhruvi Rakeshbhai Panchal (SYBA Div-1), બીજા ક્રમે Kritika Kishanbhai Tripathi અને Manali Bharatbhai Kyada (SYBBA Div-2), ત્રીજા ક્રમે Drashti Viradiya અને Dinkal Donda (SYBCA Div-3)ની પસંદગી થવા પામી હતી, આ ઉપરાંત સ્પર્ધાના નિર્ણાયકો દ્વારા સ્પર્ધા અંગે પોતાના અભિપ્રાય રજૂ કરી વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.





## પુસ્તક પરિચય સ્પર્ધા

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં પુસ્તક પરિચય કાર્યક્રમ તા. ૨૯–૯–૨૦૨૧ના રોજ કોવીડ–૧૯ની ગાઈડ લાઈનનુ પાલન સાથે યોજાયો હતો. જેમાં કુલ ૩૪ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત મોન્ટેસરી ટ્રેનીગ પ્રોગામની વિદ્યાર્થિનીઓ અને કોલેજનાં પ્રાધ્યાપકોએ પુસ્તક પરિચય આપી સ્પર્ધકોનો ઉત્સાહમાં ઉમેરો કર્યો હતો. કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થીએ પ્રાર્થનાથી કરી હતી. સ્પર્ધા દરમ્યાન આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણીએ જણાવ્યું હતુ કે, 'પુસ્તકો આત્માનો ખોરાક' છે. સ્પર્ધાના વિજેતા તરીકે પ્રથમ ક્રમે ડોબરીયા નેન્સી, દ્વિતીય ક્રમે પરમાર સંજના તથા તૃતીય ક્રમે ઠુમ્મર જુલી વિજેતા જાહેર થયા હતા. શ્રી પી. એચ. ઉમરાવ આર્ટ્સ એન્ડ કોર્મસ કોલેજ, કીમના ઈ.ચા. આચાર્યશ્રી ડૉ. જગદીશભાઈ કંથારીયાએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન પ્રા. ધરીત નાયક (કો–ઓર્ડિનેટર બી.કોમ.), પ્રા. ડૉ. તન્વી ભાલાલા, પ્રા. ભાવેશ પચ્ચીગર, ગ્રંથપાલ ડૉ. સોનલબેન ભારતી અને શ્રી સંદીપ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.









## એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા.

### થાળી શણગાર સ્પર્ધા



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં આરતીની થાળી શણગાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવયું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને ખૂબ જ સુંદર અને આકર્ષક એવી આરતીની થાળી શણગારી હતી. ઈન્ચાર્જ આચાર્ય વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું સંચાલન પ્રા. યોગીનીબેન પ્રજાપતિએ કર્યું હતું તથા નિર્ણાયક તરીકે પ્રા. દિપીકાબેન લાડ અને પ્રા. શ્રુતિબેન પટેલે સેવા આપી હતી. આ સ્પર્ધામાં પટેલ સચિ ટી.વાય.બી.કોમ. પ્રથમ ક્રમ, રાવલ ઉર્વશી એસ.વાય.બી. કોમ. (ઈંગ્લિશ મીડીયમ) દ્વિતીય ક્રમ અને ભંડારી ગ્રેસી એસ.વાય.બી.કોમે તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના તમામ સભ્યોએ ફાળો આપ્યો હતો.

### શિક્ષક દિન : ઉજવણી



પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણની યાદમાં ઉજવાતાં શિક્ષક દિનની શિક્ષકની ગરિમાને અનુસરી ઉજવણી કોલેજમાં એન.એન.એસ. વિભાગ દ્વારા કરવામાં આવી હતી. આ શુભ અવસરે તા. ૪ મી સપ્ટેમ્બરના રોજ કોલેજમાં ૩૩ જેટલાં વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા ભજવી હતી. તેમણે શિક્ષકની જવાબદારી અને ફરજને રાષ્ટ્રના હિતમાં ધ્યાનમાં રાખી શિક્ષણનું એક ઉમદા કાર્ય કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમને સ્પર્ધાત્મક બનાવી પ્રથમ, દ્વિતિય અને તૃતીય ઈનામોથી વિજેતાઓને પોંખવામાં આવ્યા હતા. અન્ય ભાવિ શિક્ષકોને પ્રોત્સાહન ઈનામોથી નવાજવામાં આવ્યા હતા. પ્રથમ ક્રમે પારેખ રોનક કે., દ્વિતિય ક્રમે નવસારીવાલા ઝુબેદા જી. અને તૃતિય ક્રમે રાવત સેજલ આર. રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ એન.એન. એસ.નાં નેજા હેઠળ સંપૂર્ણ રીતે સફળ રહ્યો હતો.

કાર્યક્રમના આયોજન માટે માર્ગદર્શન અને સહકાર ઈ.ચા.પ્રા.વર્ષાબેન રાણા તરફથી મળ્યો હતો. કોલેજના એન.એસ.એસ.નાં પ્રોગ્રામ ઓફિસરશ્રી ડૉ. એન.બી. સોલંકી તથા પ્રા. પાર્થ ઠકકરે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું, જયારે નિર્ણાયકશ્રીઓ તરીકેની ભૂમિકા પ્રા. યોગિનીબેન પ્રજાપતિ અને પ્રા. શ્રુતિબેન પટેલે ભજવી સાથ અને સહકાર આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફનો સાથ અને સહકાર મળ્યો હતો.

## શ્રી જે. બી. ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કોલેજ, સુરત.

### મહિલા યુવક સહકારી શિક્ષણ વર્ગ

સહકારના ઉમદા હેતુથી કોલેજની વિદ્યાર્થિનીઓ પરિચિત થાય અને આ હેતુને પોતાના જીવન વ્યવહારમાં અમલમાં મૂકીને લાભાન્વિત થાય તે અર્થે શ્રી જે. બી. ધારૂકાવાળા મહિલા આર્ટ્સ એન્ડ બી. કોમ. (અંગ્રેજી માધ્યમ) સેલ્ફ ફાઈનાન્સ ફોર વિમેન્સ અને સુરત જિલ્લા સહકારી સંઘના સંયુકત ઉપક્રમે સદર કોલેજમાં તા. ૬–૯–૨૦૨૧ થી તા. ૧૧–૯–૨૦૨૧ દરમ્યાન ૬ દિવસીય મહિલા યુવક સહકારી શિક્ષણ વર્ગનું સફળતાપુર્વક આયોજન પૂર્ણ થયું.

કાર્યક્રમનું ઉદઘાટન આચાર્યશ્રી ડૉ. ડી. એલ. વરસાણીની અધ્યક્ષતામાં પૂર્ણ થયું. આચાર્યશ્રી દ્વારા અધ્યક્ષીય પ્રવચન દ્વારા સહકારની વિવિધ પ્રવૃતિઓ વિશે વિદ્યાર્થિની બહેનોને માહિતગાર કર્યા હતા. પ્રાધ્યાપક ડૉ. ઓમપ્રકાશ પુરોહિતે મહેમાનશ્રીઓનું શાબ્દિક સ્વાગત કરીને આવકાર્યા હતા. સુરત જિલ્લા સહકારી સંઘના મહિલા C.I. પાર્વતિબેન પટેલે ૬ દિવસીય કાર્યક્રમની ટૂકમાં રૂપરેખા રજૂ કરી હતી.

આ મહિલા સહકારી યુવક શિક્ષણ વર્ગમાં અલગ–અલગ વિષય ઉપર પ્રિ. ડૉ. ડી. એલ વરસાણી, વરાછા બેંકના ચેરમેન શ્રી કાનજીભાઈ ભાલાણા, સેવા નિવૃતિ સહકારી C.I. શ્રી પી. બી. ઢાકેચા, મહિલા સહકારી C.I. શ્રીમતી પાર્વતીબેન પટેલ વગેરે દ્વારા પ્રાસંગિક રસપ્રદ વ્યાખ્યાન આપી વિદ્યાર્થિની બહેનોને લાભાન્વિત કર્યા હતા. આ સહકારી શિક્ષણ વર્ગમાં કોલેજની ૧૧૯ વિદ્યાર્થિની બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## શ્રી માહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ., વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. એન્ડ બી.કોમ. કોલેજ, પાંડેસરા, સુરત.

### બોક્સ ક્રિકેટ



શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કોલેજ, વી.ટી. પોદ્દાર બી.સી.એ. કોલેજ અને વી.ટી.પોદ્દાર બી.કોમ. કોલેજ પાંડેસરા ખાતે તા. ૪–૯–૨૦૨૧ના રોજ બોક્સ ક્રિકેટનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણેય કોલેજના વિદ્યાર્થીઓએ બોક્સ ક્રિકેટ લીગમાં ઉત્સાહભેર પોતાની ટીમ બનાવીને કુલ ૪૪ ટીમનું રજીસ્ટ્રેશન થયું હતું. બોક્સ ક્રિકેટ લીગનું ઉદ્‌ઘાટન સવારે શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટના પ્રમુખશ્રી સુધાકરજી માસ્ટર અને વ્યવસ્થાપક શ્રી ચંદ્રકાન્તભાઈ શાહના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ બોક્સ ક્રિકેટ લીગનો પ્રારંભ થયો હતો. ક્રિકેટ લીગમાં બહેનોની ૧૬ ટીમ હતી. જેમાં ક્રેઝી નલ્સ વિજેતા બની હતી. ભાઈઓમાં ૨૮ ટીમ હતી જેમાં એસ.આર.એચ. ટીમ વિજેતા થઈ હતી. બંને વિજેતા ટીમને સંસ્થા પરિવાર શુભેચ્છાઓ પાઠવે છે.

### શિક્ષક દિન : ઉજવણી




શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કોલેજ, વી.ટી.પોદ્દાર બી.સી.એ. કોલેજ અને વી.ટી.પોદ્દાર બી.કોમ. કોલેજ, પાંડેસરા ખાતે ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણની જન્મજયંતીએ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષક દિનની ઉજવણી કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. એક દિવસ માટે વિદ્યાર્થીઓ અધ્યાપક, કલાર્ક, પટાવાળા બન્યા હતા. અધ્યાપનકાર્ય પૂણ થયા બાદ, પ્રાર્થનાખંડમાં વિદ્યાર્થીઓએ નાટક, ભજન, સંવાદ રજૂ કર્યા હતા. શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટના પ્રમુખ શ્રી સુધાકરજી માસ્ટર, વ્યવસ્થાપક શ્રી ચંદ્રકાન્તભાઈ શાહ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેઓનું સન્માન સંસ્થાના પ્રમુખશ્રી, વ્યવસ્થાપકશ્રી, પ્રધાનાચાર્યશ્રી અને અધ્યાપકો દ્વારા કરવામાં આવ્યું હતું. ત્રણેય કોલેજમાં શિક્ષક દિન ઉજવણી ઉત્સાહભેર રીતે કરવામાં આવી હતી.

### હિન્દી દિવસ : ઉજવણી




શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી. એડ. કોલેજ, પાંડેસરા ખાતે હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. રાષ્ટ્રીય ભાષા હિન્દી દિન નિમિત્તે તાલીમાર્થીઓએ વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. જેમાં ગઝલની પ્રસ્તુતિ, કાવ્ય પઠન વકતવ્ય તાલીમાર્થીઓએ પ્રસ્તુત કર્યા હતા. પ્રાધ્યાપક અમૃત વળવીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું. તેમજ આચાર્ય ડૉ. રિદ્ધિ દેસાઈએ તમામ તાલીમાર્થીઓને હિન્દી દિન નિમિત્તે આશીર્વાદ આપ્યા હતા.

### ગણેશ ઉત્સવ



શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કોલેજ, વી.ટી. પોદ્દાર બી.સી.એ. કોલેજ, વી.ટી.પોદ્દાર કોમર્સ કોલેજ, પાંડેસરા ખાતે ગણેશઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ગણેશ સ્થાપના બાદ પાંચ દિવસ સુધી

ગણેશજીની પૂજા–અર્ચના કરવામાં આવી હતી. ગણેશ ઉત્સવ દરમિયાન કોલેજના વિદ્યાર્થીઓએ કૃતિઓ રજૂ કરી હતી. પાંચમા દિવસે મહાઆરતી તથા છપ્પન ભોગ ધરાવવામાં આવ્યો હતો. મહાઆરતીમાં સંસ્થાના પ્રમુખશ્રી સુધાકરજી માસ્ટર, સેક્રેટરી શ્રી નિરજભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રી જીતેન્દ્રભાઈ દેસાઈ અને વ્યવસ્થાપક શ્રી ચંદ્રકાંતભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. મહાઆરતીમાં કોલેજના અધ્યાપકો, બિન શૈક્ષણિક કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. ત્યારબાદ ઈકોફ્રેન્ડલી ગણેશજીની પ્રતિમાને કોલેજના ગ્રાઉન્ડમાં ખાડો ખોદીને વિસર્જન કરવામાં આવ્યું હતું.

## નવયુગ સાયન્સ કોલેજ, સુરત.

### ત્રિવિધ કાર્યક્રમો

નવયુગ સાયન્સ કોલેજ, સુરતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના જન્મદિવસની ઉજવણીના પ્રસંગે ત્રિવિધ કાર્યક્રમોનું આયોજન થયું. કાર્યક્રમનો પ્રારંભ આચાર્યશ્રી ડૉ. અશ્વિનભાઈ પટેલના પ્રેરક ઉદ્દબોધનથી થયો. જેમાં NSS ના ઉપક્રમે કોલેજના વિદ્યાર્થીઓએ અંગદાન જાગૃતિ અંતર્ગત પ્રતિજ્ઞા લીધી. તેમજ વડાપ્રધાનશ્રીને પોસ્ટકાર્ડનાં માધ્યમે જન્મદિવસની શુભેચ્છા પાઠવી અને તે સાથે NAMO APP. ના ડાઉનલોડની સાથે તેની ઉપયોગિતા વિષે આઈ.ટી. નિષ્ણાંત ડૉ. શ્રી ચિંતનભાઈ પાઠકે વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં લાયન્સ કલબના શ્રીમતી મોનાબેન દેસાઈની વિશેષ ઉપસ્થિતિ રહી. સમાપન રાષ્ટ્રગાનથી થયું.

### પીએચ.ડી.



નવયુગ સાયન્સ કોલેજ,સુરતની વિદ્યાર્થિની કુ. ફાલ્ગુની ઠાકોરભાઈ પટેલને તેમના મહાશોધનિબંધ 'Physico-chemical study of Ground water Quality of some Coastal Talukas of Surat and Bharuch District (India)'ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. કુ.ફાલ્ગુની પટેલને યુ.જી.સી. ન્યુ દિલ્હી તરફથી National Fellowship OBC Candidate (NFOBC) મેળવી નવયુગ સાયન્સ કોલેજને પ્રતિષ્ઠા અપાવી છે. આ સંશોધનકાર્ય તેમણે નવયુગ સાયન્સ કોલેજના ડૉ.જી.એમ. મલેકના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું છે. આચાર્ય ડૉ. અશ્વિનભાઈ શંકરભાઈ પટેલ અને કોલેજ પરિવાર તેમને અભિનંદન પાઠવે છે.

## શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ એન્ડ શ્રીમતી જે.કે.શાહ એન્ડ શ્રી કે. ડી. શાહ કોમર્સ કોલેજ, વ્યારા.

### વિવિધ કાર્યક્રમો



શ્રી ર.ફ.દાબુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ તથા શ્રીમતી જે.કે.શાહ તથા શ્રી કે. ડી. શાહ કોમર્સ કોલેજ, વ્યારા ખાતે વ્યારા નગરના નગરકેસરી, સમાજના સાચા મુકસેવક અને લોક લાડીલા સ્વ. ડૉ. મહેન્દ્રભાઈ શાહની દ્વિતિય પૂણ્યતિથિ નિમિતે વ્યારા કોલેજમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

નેશનલ અર્થ સેવા ટ્રસ્ટના સહકારથી વ્યારા કોલેજ ખાતે અભ્યાસ કરતી દીકરીઓને શિક્ષણની સાથે–સાથે સ્વરોજગારી મળી શકે તેવા ટૂંકાગાળાના વ્યવસાયલક્ષી કોર્સ તરીકે વિના મૂલ્યે સિવણના વર્ગો શ્રી ર.ફ.દાબુ કેળવણી મંડળના પદાધિકારીઓના આશીર્વાદ અને માર્ગદર્શન સાથે શરૂ કરવામાં આવ્યા હતા. આ વર્ગનું ઉદઘાટન કેળવણી સમિતિના સભ્ય શ્રીમતી ડિમ્પલબેન શાહના વરદહસ્તે રીબન કાપી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્યશ્રી પ્રિ. ડૉ. હિતેન્દ્રસિંહ ખરવાસિયાએ મહેમાનોને આવકારી સ્વ. ડૉ. મહેન્દ્રભાઈ શાહની કાર્યપદ્ધતિ અને સેવાકીય પ્રવૃતિનો વિસ્તૃત ખ્યાલ આપી સંચાલક મંડળના પૂર્વ અને વર્તમાન પદાધિકારીઓની શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓને વધુમાં વધુ મદદરૂપ કઈ રીતે મેળવી આગળ વધવા અનુરોધ કર્યો હતો. મંડળના પ્રમુખ શ્રી હસુભાઈ ભકતાએ પોતાના સ્વ. ડૉ. મહેન્દ્રભાઈ શાહ સાથેના ભૂતકાળના સંસ્મરણોને વાગોળી આજે અમો જાહેરજીવનમાં જે પણ કોઈક નાની–મોટી સફળતા મેળવી શકયા છે તથા આ વિસ્તારમાં સેવાભાવી અનેક કાર્યકરોની ફોજ ઉભી થઈ છે એનો યશ ડૉ. મહેન્દ્રભાઈ શાહને ફાળે જાય છે એમ જણાવી વ્યારા કોલેજ દ્વારા કરવામાં આવતી પ્રવૃતિઓની પ્રશંસા કરી કોલેજમાં વધુને વધુ ટૂંકાગાળાના વ્યવસાયલક્ષી કોર્સ શરૂ કરવા જણાવ્યું હતું. મંડળના ચેરમેન શ્રી નેવીલભાઈ જોષીએ ડૉ. મહેન્દ્રભાઈ શાહની શિક્ષણ અને સેવાકીય પ્રવૃતિઓને યાદ કરી વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે–સાથે આજીવિકાવાળા સરકાર અને યુનિવર્સિટી માન્ય ટૂંકાગાળાના કોર્ષો વર્તમાન સમયમાં ખૂબ

ઉપયોગી બની શકે એમ છે અને તે માટે સંચાલક મંડળ તમામ પ્રકારની મદદ પૂરી પાડવામાં કોઈ કચાસ રાખશે નહિ તેમ જણાવી સ્વ. ડૉ. મહેન્દ્રભાઈ શાહના શિક્ષણ દ્વારા સમાજસેવાનો જીવનમંત્ર અપનાવવા સર્વેને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે સૌના વડીલ અને મંડળના મંત્રી શ્રી મહેશભાઈ શાહના વરદહસ્તે કોલેજની વેબસાઈટ લોન્ચ કરવામાં આવી હતી અને તેમણે કોલેજને વધુ પ્રગતિની શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યા હતા.

જનક સ્મારક હોસ્પિટલ, વ્યારા ખાતે સ્વ. ડૉ. મહેન્દ્રભાઈ શાહની દ્વિતિય પૂણ્યતિથિ નિમિતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્યશ્રી તથા પ્રા. સંજયસિંહ કોસાડા અને એન.એસ.એસ. તથા એન.સી.સી.ના સ્વયંસેવકોએ રકતદાન કરી સ્વ. ડૉ. મહેન્દ્રભાઈ શાહને સાચી શ્રદ્ધાંજલિ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા. ડૉ. એમ.એચ.વાઢેળે કરી આભારવિધિ આટોપી હતી.

## શિક્ષકદિન : ઉજવણી



શ્રીમતી આર.પી.ચૌહાણ આટ્ર્સ અને શ્રીમતી જે.કે.શાહ કોમર્સ, કોલેજ તથા બી.સી.એ. કોલેજના સંયુકત ઉપક્રમે કોલેજ ખાતે શિક્ષકદિનની વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવી હતી.

વ્યારા ખાતે આવેલ સામાજિક ન્યાય અને અધિકારીકતા વિભાગ, ગાંધીનગર હેઠળ નિયામક, સમાજ સુરક્ષા ખાતા સંચાલિત સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, વ્યારા જિ. તાપીમાં રહી અભ્યાસ કરતી વિદ્યાર્થીઓમાં એન.એસ.એસ. અને એન.સી.સી.ના સંયુકત ઉપક્રમે વસ્ત્રદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અન્ય જરૂરિયાતમંદ લોકોમાં પણ વસ્ત્રદાન કરવામાં આવ્યું હતું. ઉપરાંત વ્યારા કોલેજ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, માયપુર, તા. વ્યારાના સહકારથી વિદ્યાર્થીઓ તથા આજુ–બાજુના રહીશો માટે વેકસિનેસન કાર્યક્રમનું આયોજન પણ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. તા. ૫ અને ૬ સપ્ટેમ્બરના રોજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા આજુબાજુના રહીશોએ કરોના સામે રક્ષણ આપતી રસી મુકાવી હતી. કોલેજ દ્વારા રસી મુકાવવા આવેલ લાકોમાં પ્રોત્સાહન પૂરું પાડવા વસ્ત્રદાન કરવામાં આવ્યું હતું.

સમાજસેવા દ્વારા રાષ્ટ્રસેવાની ઉપરોકત કામગીરીની સાથે સાથે વિદ્યાર્થીઓમાં જવાબદારીની ભાવના કેળવાય તથા ભવિષ્યમાં આદર્શ શિક્ષક અને સેવાભાવી નાગરિક અને નેતૃત્વના ગુણો કેળવાય તથા ગુરુજનો પ્રત્યે માન–સન્માનના સંસ્કારો વધુ મજબુત બને એવા શુભ આશયથી વિદ્યાર્થીઓ દ્વારા જુદા–જુદા વર્ગખંડોમાં અધ્યાપનકાર્ય સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. જેમાં ગામીત અર્જુન શંકરભાઈ, ચૌધરી મોસમ કરસનભાઈ, ગામીત દિવ્યા સેરતાનભાઈ, વળવી નીલીમા વિમલભાઈ, પઠાણ અર્જુમન ફીરોઝ, તંબોલી અર્ચના કે., રાજપૂત કુસુમ આઈ., પટેલ જાનવીકુમારી વી., ચૌહાણ રા., રોશનીબેન પી.એ ભાગ લીધો હતો. આ પ્રસંગે આચાર્ય પ્રિ. ડૉ. હિતેન્દ્રસિંહ ખરવાસિયાએ શિક્ષકદિનની ઉજવણીનું મહત્વ અને ગરીમા સમજાવી શિક્ષક દ્વારા સમાજ અને રાષ્ટ્રનિમાણનું કાર્ય વિદ્યાર્થીઓના સહકારથી કઈરીતે પાર પાડી શકાય તેનો વિસ્તૃત ખ્યાલ આપી વિદ્યાર્થીઓએ ગુરુજનોએ આપેલા શિક્ષણ અને સંસ્કારો જીવનમાં ઉતારી સંવેદનશીલતા કેળવવા અનુરોધ કર્યો હતો તથા ધર્મગ્રંથોમાં દર્શાવેલ ગુરૂ–શિષ્યના પ્રેરક પ્રસંગોના ઉદાહરણો આપી દરેક વ્યકિત માટે રાજધર્મના પાઠ કેટલા મહત્વના છે તે સમજાવી શિક્ષકદિનની ઉજવણીમાં અને અધ્યાપનની કામગીરીમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી આભારની લાગણી વ્યકત કરી હતી. ઉપાચાર્યશ્રી પ્રા. વસંતભાઈ ગામીત તથા અધ્યાપકશ્રીઓએ આ પ્રસંગે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું.

## B. P. Baria Science Institute, Navsari.

## Social Responsibility




B. P. Baria Science Institute, Navsari is a grant – in – aid college established in 1946 and managed by the S. B. Garda College Trust (Minority Trust ). The college has been actively involved in bringing awareness regarding COVID – 19 pandemic and the importance of

getting vaccinated among its students and the general population. As part of our responsibility towards society, the college NSS department alongwith the Lions Club of Navsari had organized a vaccination camp for 1st dose at the college campus on 31st August 2021. About 150 students, staff and people from the surrounding area benefitted from the camp.







## Webinar on Cyber Phychology and Security




With an aim of creating awareness among students and faculties on the various aspects of cyber security including safe and responsible use of various social media platforms, a webinar was organised by the college on 19th September, 2021 on – Cyber Phychology and Security. The keynote speaker was Mrs. Megha Joshi, a practicing psychologist and writer.

## One day workshop

(1) Mr. Bhargav V. Patel from the Physics department attended a one day workshop on – Fire Precautions and Safety measures in academic institutions on 20th September, 2021. The workshop was organised by the Idea and Innovation cell of Veer Narmad South Gujarat University, Surat. The workshop introduced all participants to the essential concepts and tools for fire protection and fire fighting.

(2) Four of our faculties, Mrs. JalpaK Padhiyar, Unnati H. Dani, Vaishnavi S. Rana and Kesha D. Naik attended a one day workshop on – ''Emotional Intelligence and the New Education Policy''. The workshop was organised by the Idea and Innovation cell of Veer Narmad South Gujarat University, Surat.

## Cultural Competition



It is a proud moment for the college when our S. Y. B.Sc. (Microbiology) student Ms. Mistry Shital G won the third prize in the state level nonacting competition organized by J. Z. Shah Arts college on 17th September, 2021. Also, our T. Y. B.Sc ( Chemistry ) student Ms. Kinjalben B. Chaudhary won the second prize in the state level Rangoli competition organised by J. Z. Shah Arts and H. P. Desai Commerce College, Amroli on 22nd September, 2021. The competition was held online due to the prevailing pandemic.

## Achievement / Training

We congratulate, Lt Uktikumari V. Patel, the lady ANO of our college (20 Gujarat Battalion NCC ) for been shortlisted for the combined annual training camp to be held from 27th September, 2021 to 2nd October, 2021 at GNLA, Jeetnagar, Rajpipla.

## Invited Talk



The Physics Department arranged an invited talk on "Light – A Fascinating Probe to the Universe" on 24th September, 2021. The keynote speaker was Dr. Vipulkumar A. Kheraj who is presently an Associate Professor at S. V. National Institute of Technology, Surat. Dr. Vipulkumar shared a wealth of information during the course of his two hour interaction with students and faculties and nicely combined different aspects of physics, both historical as well as the present.

## Fit India Freedom Run



About thirteen students including five girls from our college had participated in the fit India freedom run jointly organized by Nehru Yuva Kendra, Navsari and Youth Programme and Sports Ministry at Dandi on Sunday, 26th September, 2021. A total of more than 250 participants had participated in the 7 kilometres run.

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. B. J. Ankuya**
I/c. University Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Publisher : Dr. Jaydip N. Chaudhari**
I/c. Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : ડૉ. બી.જે.અંકુયા, તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org.in